# જાહેર હરાજી(E-Auction For Parking Plot)

શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, વહીવટદાર કચેરી, અંબાજી, તા.દાંતા, જિ.બનાસકાંઠા, પીન-૩૮૫૧૧૦ ના માલિકીના અંબાજી તથા ગબ્બર ખાતેના પાર્કીંગ પ્લોટો "લીવ એન્ડ લાયસન્સ" ના ધોરણે ૧૧ માસ માટે કોન્ટ્રાકટ પધ્ધતિથી ચલાવવાની ઓનલાઈન જાહેર હરાજી તા.૩૦/૦૭/૨૦૨૨ ના રોજ ૧૨ :૦૦ કલાક થી ૧૪:૦૦ કલાક સુધી https://e-auction.nprocure.com વેબસાઈટ ઉપર થનાર છે. હરાજીમાં ભાગ લેવા માંગતી એજન્સી/વ્યકિતઓએ https://e-auction.nprocure.com વેબસાઈટ ઉપર જઈ રજીસ્ટર થઈ USER ID બનાવી લેવાનું રહેશે. ઈ-ઓકશનમાં ભાગ લેવા માટે USER ID બનાવવું ફરજીયાત છે. જે બનાવેલ USER ID તા.૨૫/૦૭/૨૦૨૨ સુધીમાં વહીવટદાર અને નાયબ કલેકટરશ્રીની કચેરી, શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજીની વહીવટીશાખા ખાતે મોકલી આપવાનું રહેશે. જાહેર હરાજી ઈ-ઓકશનમાં ભાગ લેવા માટેનું પ્રિકવોલીફીકેશન ફોર્મ ઉપરોકત વેબસાઈટ તેમજ દેવસ્થાન ટ્રસ્ટની વેબસાઈટ www.ambajitemple.in ઉપર ઉપલબ્ધ છે. પ્રિકવોલીફીકેશન ફોર્મ ભરી તેમા દર્શાવેલ તમામ જરૂરી ડોકયુમેન્ટ તેમજ એડવાન્સ ડીપોઝીટ પેટે રૂા.૨૭,૦૦૦/- નો વહીવટદારશ્રી, શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજીના નામનો ફકત રાષ્ટ્રીયકૃત બેંકનો ડીમાન્ડ ડ્રાફટ બનાવી તા.૨૫/૦૭/૨૦૨૨ સુધીમાં રજીસ્ટર પોસ્ટ એ.ડી./સ્પીડ પોસ્ટ/રૂબરૂમાં જમા કરાવવાનો રહેશે. ઈ-ઓકશન કરવા પાત્ર પાર્કિંગ પ્લોટો જે કોઈ એજન્સી/વ્યકિતને જોવાની ઈચ્છા ધરાવતા હોય તેઓએ અંબાજી તેમજ ગબ્બર મુકામે સ્વઃખર્ચે આવી જાતે નિરીક્ષણ કરી શકાશે.

(આર.કે.પટેલ(GAS))
વહીવટદાર અને નાયબ કલેકટર
શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજી.

તા.૧૨/૦૭/૨૦૨૨
સ્થળઃ-અંબાજી

(નં. નામાનિ/પાલન/૨૬૯/૨૦૨૨-૨૦૨૩)

## જાહેર હરાજી (E-ACUTION FOR PARKING PLOT)

શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ હસ્તના શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજીના માલિકીના અંબાજી તથા ગબ્બર ખાતેના પાર્કીંગ પ્લોટો "લીવ એન્ડ લાયસન્સ" પધ્ધતિથી ૧૧ માસના કોન્ટ્રાકટ પધ્ધતિથી ચલાવવાની ઓનલાઈન જાહેર હરાજી તા.૩૦/૦૭/૨૦૨૨ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાક થી ૧૪:૦૦ કલાક સુધી https://e-auction.nprocure.com વેબસાઈટ ઉપર થનાર છે.

**<u>હરાજીની શરતોઃ–</u>**

(૧) પાર્કિંગ પ્લોટોની જાહેર હરાજીની અપસેટ પ્રાઈઝ વાર્ષિક રૂા.૦૯–૦૦ લાખ રાખવામાં આવેલ છે. જાહેર હરાજી દરમ્યાન અપસેટ પ્રાઈઝથી ઉપર હાઈએસ્ટ બિડર્સ ધ્વારા બોલવામાં આવેલ સર્વોચ્ચ રકમની બોલી માન્ય રાખવામાં આવશે. ત્યારબાદ હરાજીમાં રાખવામાં આવેલ પાર્કિંગ પ્લોટો માટે શરત નં.૮ મુજબના નાણાં જમા કરાવ્યા બાદ સંચાલન માટે સોંપવામાં આવશે.

(૨) ઓનલાઈન જાહેર હરાજીની પ્રક્રિયા તા.૩૦/૦૭/૨૦૨૨ ના રોજ બપોર ૧૨:૦૦ કલાક થી ૧૪:૦૦ કલાક સુધી https://e-auction.nprocure.com વેબસાઈટ ઉપર ખુલ્લી રહેશે. હરાજીમાં ભાગ લેવા માંગતી એજન્સી/વ્યકિતઓએ https://e-auction.nprocure.com વેબસાઈટ ઉપર જઈ રજીસ્ટર થવાનું રહેશે અને USER ID બનાવવાની રહેશે. જાહેર હરાજીમાં ભાગ લેનાર એજન્સી/વ્યકિતએ એડવાન્સ ડિપોઝીટ પેટે રૂા.૨૭,૦૦૦/–નો ફકત રાષ્ટ્રીયકૃત બેંકનો ડીમાન્ડ ડ્રાફટ વહીવટદારશ્રી, શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજીના નામનો બનાવવાનો રહેશે. તા.૨૫/૦૭/૨૦૨૨ સુધીમાં વહીવટદાર અને નાયબ કલેકટરશ્રીની કચેરી, શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજીની વહીવટીશાખા ખાતે યુઝર આઈ.ડી, એડવાન્સ ડીપોઝીટ પેટેનો ડ્રાફટ, ઈ–મેઈલ આઈડી અને ઓળખના પુરાવા સારૂ આધારકાર્ડ/ પાનકાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/પાસપોર્ટ/ચુંટણીકાર્ડ(કોઈ પણ એક) તથા પ્રિકવોલીફીકેશન ફોર્મમાં જણાવેલ તમામ ડોકયુમેન્ટની પ્રમાણિત નકલ મોકલી આપવાના રહેશે.

(૩) ઓનલાઈન જાહેર હરાજી અન્વયેના દેવસ્થાન ટ્રસ્ટ હસ્તકના પાર્કિંગ પ્લોટો જે કોઈ એજન્સી/વ્યકિત જોવાની ઈચ્છા ધરાવતા હોય તેઓએ અંબાજી તેમજ ગબ્બર મુકામે સ્વઃખર્ચે આવી જાતે નિરીક્ષણ કરી શકાશે. તેમજ આ ઈ–ઓકશન અંતર્ગત કોઈપણ જાતની પુછ–પરછ માટે વહીવટદાર કચેરીના ટેલીફોન નં.૦૨૭૪૯–૨૬૨૧૩૬,૨૬૨૬૩૬ તેમજ ટ્રસ્ટનું ઈ–મેઈલ આઈડી jayambe_ad1@rediffmail.com ઉપર સંપર્ક કરી શકાશે.

(૪) શરતી દરખાસ્ત સ્વિકારવામાં આવશે નહી તથા ધ્યાને લેવામાં આવશે નહી.

(૫) જાહેર હરાજી ઈ–ઓકશનમાં ભાગ લેનાર એજન્સી/વ્યકિતઓએ અત્રેની કચેરીએ સમય મર્યાદામાં મોકલવામાં આવેલ USER ID, એડવાન્સ પેટેનો ડીમાન્ડ ડ્રાફટ, પ્રિકવોલીફીકેશન માટેના તમામ ડોકયુમેન્ટની ચકાસણી કરી જે એજન્સી/વ્યકિત કવોલીફાઈડ થશે તેમને જાણ કરવામાં આવશે.

(૬) ઓનલાઈન જાહેર હરાજી કરનાર સત્તાધિકારી હરાજીની બોલીનો સમય વધારી શકશે તેમજ અંતિમ બોલી સ્વીકારવાનો, નામંજુર કરવાનો કે હરાજી રદ કરવાનો અધિકાર ઓનલાઈન જાહેર હરાજી કરનાર સત્તાધિકારીને રહેશે.

(૭) ઓનલાઈન જાહેર હરાજીની પ્રક્રિયા પુર્ણ થયા બાદ હાઈએસ્ટ બિડર્સ ધ્વારા બોલવામાં આવેલ સર્વોચ્ચ રકમની બોલી માન્ય રાખવા અંગેની મંજુરી મળ્યા બાદ દિન–૩ માં જાહેર હરાજીમાં સફળ રહેલ એજન્સી/ વ્યકિત હરાજીના અંતે નિયત થયેલ રકમના ૧૧ સરખા માસિક હપ્તા કરી ૨(બે)માસનું ભાડું જી.એસ.ટી સાથેની રકમનો ડીમાન્ડ ડ્રાફટ/ચેક/રોકડા અત્રેની કચેરી ખાતે જમા કરાવવાના રહેશે તથા ડીપોઝીટ પેટે જમા કરાવવામાં આવેલ ડીમાન્ડ ડ્રાફટ અત્રેની કચેરીએથી પરત મેળવી લેવાનો રહેશે. ત્યારબાદ જ પાર્કિંગ પ્લોટો ચલાવવા સોંપવામાં આવશે. હરાજીમાં સફળ ન રહેલ હોય તેવી એજન્સી/વ્યકિતઓએ તેમની એડવાન્સ ડીપોઝીટની રકમ હરાજી પુર્ણ થયેથી દિન–૩માં અત્રેની કચેરીએથી પરત મેળવી લેવાની રહેશે.

(૮) હરાજીમાં ભાગ લેનાર એજન્સી/વ્યકિત જાહેર હરાજીમાં સફળ થયેલ હોય છતાં નિયત તારીખ સુધીમાં પાર્કિંગ પ્લોટોની બોલીની કિંમત ઉપરાંત જી.એસ.ટી. સાથેની રકમનો ડીમાન્ડ ડ્રાફટ/ચેક/રોકડા જમા નહીં કરાવે તો તેઓએ ભરેલ એડવાન્સ ડીપોઝીટની રકમ મળવાપાત્ર થશે નહી અને અત્રેની કચેરી ધ્વારા જપ્ત કરવામાં આવશે.

(૯) ઓનલાઈન હરાજીમાં ભાગ લેવા માંગતા કોઈપણ એજન્સી/વ્યકિતએ (n)code Solution ટોલ ફ્રી નં.૭૩૫૯૦૨૧૬૬૩ ઉપર સંપર્ક કરવાનો રહેશે.

(૧૦) આ હરાજી અત્રેથી સુચવ્યા મુજબના તમામ પાર્કિંગ (અ.નં.૧ થી ૫) માટે એક સાથે ભેગી કરવામાં આવશે. તેમજ તમામ પાર્કિંગ પ્લોટોની જાહેર હરાજી માટે ફાળવેલ સમયમાં છેલ્લી ત્રણ મિનિટમાં કોઈપણ બોલી લગાવશે તો ત્રણ મીનીટનો વધારનો સમય આપવામાં આવશે.

(૧૧) ઓનલાઈન હરાજીની શરતો, કાર્યવાહી કે તે અન્વયે કોઈપણ નિર્ણય લેવા અંગેની સત્તા કચેરીના વડાની રહેશે.

(૧૨) સદરહું પાર્કિંગ પ્લોટની જાહેર હરાજીનો વર્કઓર્ડર આપ્યા તારીખથી ૧૧ માસ અથવા તો નવિન ઓનલાઈન જાહેર હરાજી ન થાય ત્યાં સુધી બે માંથી જે મોડું હશે ત્યાં સુધી ચાલુ રહેશે.

(૧૩) ઈ–ઓકશન જાહેર હરાજીમાં સફળ થયેલ એજન્સી/વ્યકિતએ ૫%(અપસેટ પ્રાઈઝની રકમ) મુજબ સિકયોરીટી ડીપોઝીટ પેટે દિન–૭ માં દેવસ્થાન ટ્રસ્ટમાં ડીમાન્ડ ડ્રાફટ/ચેક/રોકડેથી ભરપાઈ કરવાની રહેશે. જે કોન્ટ્રાકટ પુર્ણ થયેથી પરત કરવામાં આવશે. તેમજ રૂા.૩૦૦/–ની રકમના સ્ટેમ્પ પેપર ઉપર કરારખત કરી આપવાનું રહેશે. ત્યારબાદ જ પાર્કિંગ પ્લોટ ચલાવવા માટેનો વર્કઓર્ડર આપવામાં આવશે.

(૧૪) ઈ–ઓકશન જાહેર હરાજીમાં ભાગ લેનાર એજન્સી/વ્યકિત કે જે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ તેમજ સંલગ્ન સંસ્થાઓમાંથી કાળીયાદી(બ્લેકલીસ્ટ)માં મુકાયેલી હશે તેવી એજન્સી/વ્યકિત આ જાહેર હરાજીમાં ભાગ લઈ શકશે નહી.

(૧૫) શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજીનો **GST** નંબર : **24AACTS5457M2Z0** છે જે નંબરનો ઉલ્લેખ એજન્સીએ ભરવાના થતાં ભાડામાં કરવાનો રહેશે તથા ભાડાની રકમ ઉપરાંત સરકારશ્રીના વખતો વખતના નિયમો મુજબની **GST** રકમ અલગથી એજન્સીએ ચૂકવવાની રહેશે.

(૧૬) કોન્ટ્રાકટરશ્રી તેમની કામગીરીમાં કસુર કરશે તો ૩ વખત સુધી દંડ વસુલ કરવાની સત્તા વહીવટદારશ્રીને રહેશે. એટલે કે પ્રથમ વખત કસુર કર્યે રૂા.૨૫,૦૦૦/– સુધી, બીજી વખત કસુર કર્યે પણ રૂા.૫૦,૦૦૦/– સુધી અને ત્રીજી વખત કસુર કર્યે રૂા.૭૫,૦૦૦/– સુધીનો દંડ વસુલ કરવામાં આવશે. ત્રણ વખત કસુર કર્યા બાદ પણ તેમની કામગીરીમાં કસુર કરશે/ સંતોષકારક જણાશે નહીં તો તેમનો કોન્ટ્રાકટ રદ કરવામાં આવશે અને એજન્સીએ ભરેલ સિકયોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે તેમજ નવેસરથી ઓનલાઈન હરાજી કરી સદરહું કામગીરી અન્યને સોંપવામાં આવશે.

(૧૭) સંબંધિત પાર્કીંગ પ્લોટોનું વીજળી બીલ, પંચાયત વેરા તેમજ અન્ય વેરાની રકમ એજન્સી/વ્યકિતએ જ ભરપાઈ કરવાની રહેશે તેમજ ભરપાઈ કરેલ રકમની એક નકલ અત્રેની કચેરીએ રજુ કરવાની રહેશે.

(૧૮) પાર્કીંગ પ્લોટમાં પાર્ક થતા તમામ વાહનોની જવાબદારી જેતે કોન્ટ્રાકટરની રહેશે. વાહન તથા અન્ય સર–સામાન, સ્પેર પાર્ટસ વિગેરેની ચોરી કે નુકસાનીની જવાબદારી જે તે એજન્સી/વ્યકિતની રહેશે. નુકશાનીની રકમ જેતેએજન્સી/વ્યકિતએ સ્વઃખર્ચે ભરપાઈ કરવાની રહેશે.

(૧૯) દરેક પાર્કીંગ પ્લોટ ૨૪ કલાક માટે ખુલ્લા રાખવાના રહેશે. દેવસ્થાન ટ્રસ્ટના વાહનોનું ભાડું લઈ શકાશે નહી.

(૨૦) વાહન માટેનું પાર્કિંગમાં અંદર આવવા માટેનું ટોકન તથા વાહન પરત લઈ જતી સમયે બીલ ફરજીયાત આપવાનું રહેશે. સદર કામ માટે ફરજીયાત કોમ્પ્યુટરાઈઝડ બીલીંગ મશીનનો જ ઉપયોગ કરવાનો રહેશે. તેમજ નીચે જણાવેલ ભાવો મુજબ જ ચાર્જ વસુલ લેવાનો રહેશે.

| **સમય** | **વાહનનો પ્રકારવાઈઝ વસુલ કરવાનો પાર્કીંગનો દર (જી.એસ.ટી. તેમજ સરકારશ્રીના વખતોવખતના તમામ ટેક્ષ સહિત)** | | |
|---|---|---|---|
| | **ટુ વ્હીલર** | **ફોર વ્હીલર** | **ટ્રક, મોટા ટેમ્પા, લકઝરી વિગેરે** |
| **૪ કલાક માટે** | ૧૦-૦૦ | ૨૦-૦૦ | ૫૦-૦૦ |
| **૬ કલાક માટે** | ૧૫-૦૦ | ૩૦-૦૦ | ૧૦૦-૦૦ |
| **૧૨ કલાક માટે** | ૨૦-૦૦ | ૫૦-૦૦ | ૧૨૫-૦૦ |
| **૨૪ કલાક માટે** | ૨૫-૦૦ | ૧૦૦-૦૦ | ૧૫૦-૦૦ |

(૨૧) પાર્કીંગ કોન્ટ્રાકટરે પાર્કીંગ ચાર્જના દરનું બોર્ડ બનાવી જાહેરમાં જોઈ શકાય તે રીતે ગેટ આગળ મુકવાનું રહેશે અને તે મુજબ પાર્કીંગ ચાર્જ વસુલ લેવાનો રહેશે.

(૨૨) ભાદરવી પુનમ તથા અન્ય જરૂરી પ્રસંગોપાત ટ્રસ્ટને યોગ્ય જણાય તેટલા દિવસા માટે જે પાર્કીંગ પ્લોટની જરૂરીયાત હોય તે પાર્કીંગ પ્લોટ ખાલી કરી આપવાનો રહેશે. આ દિવસો પુરતું ફકત માપ પ્રમાણે ભાડું કપાત કરી આપવામાં આવશે.(નોધઃ–પાર્કિંગ પ્લોટોના કુલ ૮૨૦૬ ચો.મીના પાર્કિંગ પ્લોટોનું ક્ષેત્રફળ દર્શાવેલ છે. એજન્સીના મંજુર થયેલ વાર્ષિક ભાવને ૩૬૫ દિવસ વડે ભાગી ૧ દિવસનું ૮૨૦૬ ચો.મી. જગ્યાનું ભાડું ગણવામાં આવશે અને તે મુજબ ૧ ચો.મી.નું ૧ દિવસના ભાડાની ગણતરી કરી જેટલા ચો.મી. જગ્યાનો ઉપયોગ દેવસ્થાન ટ્રસ્ટે કરેલ હશે તે મુજબ ભાડું માફ કરવામાં આવશે.)

(૨૩) પાર્કીંગ પ્લોટમાં કે પ્લોટ બહાર દિવાલો કે અન્ય સ્થળે કોઈ જાહેરાતો લખી કે ચોટાડી શકાશે નહી. અન્ય કોઈપણ જાતનો ધંધો કરી–કરાવી શકાશે નહી તેમજ પાર્કીંગ પ્લોટ આગળ કે અંદર લારી–ગલ્લા ઉભા રાખી શકાશે નહી કે પાથરણા પાથરી અન્ય કોઈ ધંધો કરી–કરાવી શકાશે નહી. પાર્કિંગ પ્લોટની બહાર રોડ સાઈડે વાહન પાર્ક ન થાય તે મુજબની વ્યવસ્થા ગોઠવવા માટે એજન્સી/વ્યકિતએ પોતાના સ્વઃખર્ચે સિકયુરીટી રાખી તમામ વાહનો પાર્કિંગ પ્લોટોમાં જ પાર્ક કરાવવાના રહેશે.

(૨૪) પાર્કિંગ માટે જરૂરી લાઈટો એજન્સી/વ્યકિતએ પોતના સ્વઃખર્ચે વ્યવસ્થા કરવાની રહેશે. દેવસ્થાન ટ્રસ્ટ તરફથી આવી કોઈ સુવિધા આપવામાં આવશે નહીં. તેમજ એજન્સીએ ઓફીસ માટેના ઈલેકટ્રીક ઉપકરણો જેવા કે બલ્બ, ટયુબલાઈટ, ફેન, એકજોસ્ટ ફેન વિગેરે અને તમામ પરચુરણ ઈલેકટ્રીક માલ સામાન પણ પોતાના સ્વઃખર્ચે લાવી વપરાશ કરવાનો રહેશે.

(૨૫) <u>**ફાયર એન્ડ સેફટી :–**</u> એજન્સીએ જરૂરી ફાયર સેફટીના સાધનો સ્થળ ઉપર વસાવવાના રહેશે. આગના કારણે ટ્રસ્ટના હયાત સ્ટ્રકચરમાં જો કોઈ નુકસાન થાય તો તે નુકસાન કોન્ટ્રાકટરશ્રીએ ભરપાઈ કરી આપવાનું રહેશે.

(૨૬) એજન્સીએ તમામ પાર્કિંગ પ્લોટોમાં પોતાના સ્વઃખર્ચે જરૂરી પુરતા પ્રમાણમાં સી.સી.ટી.વી. કેમેરા, એક માસનું રેકોર્ડીંગ સ્ટોરેજ થઈ શકે તેવી સિસ્ટમ લગાવવાની રહેશે તથા જરૂર જણાયે અત્રેથી તથા પોલીસ વિભાગ ધ્વારા માગવામાં આવ્યેથી ફુટેજ રજુ કરવાનું રહેશે.

(૨૭) પાર્કીંગ પ્લોટમાં કોન્ટ્રાકટરે ફરજ ઉપરના કર્મચારીઓને ફરજીયાત ડ્રેસ, આઈકાર્ડ આપવાના રહેશે. તેમજ પાર્કિંગ પ્લોટોની કામગીરી માટે યોગ્ય લાયકાત ધરાવતા, શિસ્ત પુર્વક વર્તણુંક ધરાવતા પોતાના માણસો રાખવાના રહેશે. કામે રાખેલ માણસોના પોલીસ વેરીફીકેશન સર્ટીફીકેટ રજૂ કરવાના રહેશે. જેઓની અન્ય કોઈ ગેર લાયકાત હોવી જોઈશે નહી. તેમજ પાર્કીંગ પ્લોટની કામગીરીમાં અગાઉ ગેર લાયક ઠરેલ કોઈપણ એજન્સી / વ્યકિતને કામે રાખી શકાશે નહી કે પાર્કીંગનો પેટા કોન્ટ્રાકટ આપી શકાશે નહી. પાર્કીંગ પ્લોટમાં કામે રાખેલ માણસોના ફોટા, નામ – સરનામા સાથેની યાદી અત્રેની કચેરીએ દિન–૭માં રજું કરવાની રહેશે.

(૨૮) આ કામગીરી માટે ઈજારદારે લેબર(રેગ્યુલેશન એન્ડ એબોલેશન)એકટ ૧૯૭૦ તથા તે હેઠળ ૧૯૭૨ ના ગુજરાત નિયમોની જોગવાઈઓ તથા કામદાર વળતર અધિનિયમ –૧૯૨૩ તથા તે હેઠળના નિયમોની જોગવાઈ અનુસાર ઠેકેદારે રોકેલ મજુરોના કાયદેસરના હિતોની રક્ષા કરવાની તેમજ પ્રસ્તુત કાયદા અને નિયમો હેઠળ કરાયેલ સુવિધા/સગવડ ઉપલબ્ધ કરાવવનો પ્રાથમિક અને વૈધાનિક જવાબદારી મજુર કામે રાખનાર જે તે ઈજારદારશ્રીની રહેશે તથા બાળમજૂરો રાખવાના રહેશે નહી.

(૨૯) આ કામગીરી માટે સરકારશ્રીના વખતો વખતના દરેક નિયમો જેવા કે લઘુતમ વેતનધારાના નિયમો પાળવા એજન્સી સંપુર્ણપણે બંધાયેલા રહેશે તથા આ બાબતે કોઈપણ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેના માટે એજન્સી/વ્યકિતની જવાબદારી રહેશે.

(૩૦) અત્રેથી અધિકૃત કરેલ અધિકારીશ્રીઓ / કર્મચારીશ્રીઓ ગમે તે ક્ષણે ગમે તે પાર્કીંગ પ્લોટની ચકાસણી કરી શકશે. તપાસણી અમલદારનેએજન્સી/વ્યકિતએ કે તેમના માણસોએ જરૂરી રેકર્ડ પુરૂ પાડવાનું રહેશે.

(૩૧) પાર્કીંગ પ્લોટને લગતી જરૂરી માહિતી કચેરી તરફથી માંગવામાં આવે ત્યારે એજન્સી/વ્યકિતએ તે સમય મર્યાદામાં માંગેલ માહિતી રજુ કરવાની રહેશે.

(૩૨) પાર્કીંગ પ્લોટ ચલાવનાર એજન્સી ધ્વારા રાખેલ માણસોએ દેવસ્થાન ટ્રસ્ટ માટે ધાર્મિક તેમજ વહીવટી રીતે પ્રતિકુળતા સર્જાય તેવી કોઈ પ્રવૃતિ કરી શકાશે નહી.

(૩૩) પાર્કીંગમાં એજન્સી ધ્વારા કામે રાખેલ માણસોને જો કોઈપણ ઈજાઓ થાય તો તે અંગેના વળતરની રકમ એજન્સી/વ્યકિતએ ચુકવવાની રહેશે. અંબાજી મંદિર ટ્રસ્ટની કોઈ જવાબદારી રહેશે નહી.

(૩૪) યાત્રિકો અને ટ્રસ્ટના હિતમાં ઉપરોકત શરતો તથા પાર્કીંગ પ્લોટ કોન્ટ્રાકટની કોઈપણ શરતોમાં જરૂર જણાયે સુધારો/વધારો/ફેરફાર સહીતની તમામ આખરી સત્તાઓ વહીવટદારશ્રી, શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ ની રહેશે.

(૩૫) અત્રેના ટ્રસ્ટ ધ્વારા આપવામાં આવતી અન્ય લેખિત કે મૌખિક સુચનાઓનું ચુસ્ત પાલન કરવાનું રહેશે.

(૩૬) પાર્કિંગ પ્લોટોમાં નિયમિતપણે સાફ–સફાઈ કરવાની અને સુચિત બતાવેલ જગ્યાએ કચરો નિકાલ કરવાની જવાબદારી એજન્સીએ સ્વઃખર્ચે કરવાની રહેશે.

(૩૭) ઉપરોકત કોઈપણ શરતના ભંગ બદલ પાર્કીંગ કોન્ટ્રાકટ રદ કરી ડિપોઝીટની રકમ જપ્ત કરવા સહિતના અન્ય જરૂરી પગલા લેવામાં આવશે. જે સબંધિત પાર્કીંગ પ્લોટ ચલાવનાર એજન્સી/વ્યકિતને બંધનકર્તા રહેશે.

(૩૮) કોન્ટ્રાકટ સબંધી કોઈ વાદ વિવાદ ઉભો થાય ત્યારે મે.કલેકટરશ્રી, બનાસકાંઠા અને અધ્યક્ષશ્રી, શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજી આર્બિટ્રેટર તરીકે વહીવટદારશ્રી, અંબાજી મંદિર તથા કોન્ટ્રાકટરશ્રીને સાંભળીને જે એવોર્ડ આપશે તે બંને પક્ષને માન્ય ગણાશે, જેમાં કોઈ કોર્ટ કચેરીનો સહારો લઈ શકાશે નહી.

વહીવટદાર અને નાયબ કલેકટર
શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ
અંબાજી

**શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજીના માલિકીના અંબાજી તથા ગબ્બર ખાતેના નીચે સુચવ્યા મુજબના પાર્કીંગ પ્લોટો ''લીવ  એન્ડ લાયસન્સ''ના ધોરણે ૧૧ માસ માટે કોન્ટ્રાકટ પધ્ધતિથી ચલાવવાનું કામ. (પાર્કિંગ નં. ૧ થી ૫ એકી સાથે હરાજી )**

| અ.નં | પાર્કીંગ પ્લોટના સ્થળની વિગત | માપ(ક્ષેત્રફળ) ચો.મી. |
|---|---|---|
| ૧ | નવીન ભોજનાલયની બાજુમાં સર્વે નં.૯૦ | ૨૫૫૨ |
| ૨ | પંચાલ ભુવનની બાજુમાં જયપુર મૂર્તિભંડારની સામે આવેલ પ્લોટ | ૬૩૩ |
| ૩ | પાર્કિંગ નં.–૧ (ગબ્બર ચઢવાના પગથિયાની બાજુમાં બાલારામ તરફ) | ૨૮૦ |
| ૪ | પાર્કિંગ નં.–૪(ગબ્બર ગેટની ડાબી બાજુ) | ૧૯૩૫ |
| ૫ | પાર્કિંગ નં.–૫(ગબ્બર ગેટની જમણી તરફ) | ૨૮૦૬ |

વહીવટદાર અને નાયબ કલેકટર
શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ
અંબાજી

# ۞પ્રિકવોલીફીકેશન ફોર્મ۞

| અ.નં. | પ્રિકવોલીફીકેશનની વિગત | બિડેલ સર્ટીફીકેટ/ પ્રમાણપત્ર/ સોગંદનામા/ દસ્તાવેજોની વિગત |
|---|---|---|
| ૧ | હરાજીમાં ભાગ લેનાર એજન્સીનું નામ,સરનામું, (ટેલીફોન નંબર,મોબાઈલ નંબર,ઈ–મેઈલ સાથે) | |
| ૨ | (૧) કંપનીનો રજીસ્ટ્રેશન નં.(નકલ સાથે બિડવી) | |
| | (૨) પાન નંબર. (નકલ સાથે બિડવી) | |
| | (૩) લેબર લાયસન્સ (નકલ સાથે બિડવી) | |
| | (૪) GST નંબર/સર્ટીફિકેટ(નકલ સાથે બિડવી) | |
| ૩ | છેલ્લા ત્રણ વર્ષના ઈન્કમટેક્ષ રીટર્નની કોપીઓ સામેલ રાખવી. (વર્ષ–૨૦૧૮-૧૯, ૨૦૧૯-૨૦, ૨૦૨૦-૨૧,) | |
| ૪ | છેલ્લા ૨(બે) વર્ષમાં કોઈપણ એક વર્ષનું વાર્ષિક ટર્ન ઓવર ઓછોમાં ઓછું ૪–૫૦ લાખનું (અપસેટપ્રાઈઝના ૫૦%મુજબ)હોવું જોઈએ. (વર્ષ–૨૦૧૮-૧૯, ૨૦૧૯-૨૦,૨૦૨૦-૨૧,)વાર્ષિક ટર્ન ઓવર માટે ચાર્ટડ એકાઉન્ટન્ટ ધ્વારા ઓડીટ થયેલ સહી/સિકકા વાળી બેલેન્સ સીટ રજુ કરવાની રહેશે,<br>(નકલો સાથે બિડવાની રહેશે) | |
| ૫ | ફકત પાર્કિંગ ચલાવવાની કામગીરીનો સફળતા પુર્વક પૂર્ણ કર્યાનો અનુભવ.<br>(૧) પાર્કિંગ ચલાવવાના ઓછામાં ઓછા રૂા.૦૩–૬૦ લાખના ત્રણ કામો પૂર્ણ કરેલા હોવા જોઈએ.(અંદાજોના ૪૦% મુજબ)<br>અથવા<br>(૨) પાર્કિંગ ચલાવવાના ઓછામાં ઓછા રૂા.૦૪–૫૦ લાખના બે કામો પૂર્ણ કરેલા હોવા જોઈએ.(અંદાજોના ૫૦% મુજબ)<br>અથવા<br>(૩) પાર્કિંગ ચલાવવાના ઓછામાં ઓછા રૂા.૦૭–૦૦ લાખનું એક કામ પૂર્ણ કરેલ હોવું જોઈએ.(અંદાજોના ૮૦% મુજબ) | |

| | | |
|---|---|---|
| ૬ | રૂા.૦૧–૮૦ લાખ(અપસેટપ્રાઈઝના ૨૦% મુજબ)ની બેંક સોલોવન્સી રજું કરવાની રહેશે.(જાહેર હરાજીની નિવિદા પ્રસિધ્ધ થયા પછીની તારીખની કોઈપણ બેંકની) | |
| ૭ | ટેન્ડર ભરનાર એજન્સીને કોઈપણ સરકારી/ બિન સરકારી/અર્ધ સરકારી સંસ્થાઓ ધ્વારા કાનુની કાર્યવાહી/બ્લેક લીસ્ટ કરવામાં આવેલ નથી તે મતલબનું સોંગદનામું જાહેર હરાજીની નિવિદા પ્રસિધ્ધ થયા પછીની તારીખનું રૂા.૫૦/–ના સ્ટેમ્પ ઉપર નોટરી સમક્ષનું રજુ કરવાનું રહેશે. | |

**એજન્સીની સહી/ સિકકો**

**શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજીના માલિકીના અંબાજી તથા ગબ્બર ખાતેના પાર્કીંગ પ્લોટો "લીવ એન્ડ લાયસન્સ"ના ધોરણે ૧૧ માસ માટે કોન્ટ્રાકટ પધ્ધતિથી ચલાવવાનું કામ.**

---

**(આ પ્રમાણપત્ર / એકરારનામું ટેન્ડર ડોકયુમેન્ટસ સાથે મુકવું ફરજીયાત છે)**

## ***<u>પ્રમાણપત્ર / એકરારનામું</u>***

હું/અમે ..........................................................................................આથી એકરાર કરૂ છું/ કરીએ છીએ કે મારા/ અમારા કુટુંબના સભ્યો શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજીની કચેરીમાં તેમજ તે હેઠળની પેટા કચેરીઓમાં દેવસ્થાન ટ્રસ્ટ સાથે સંકળાયેલ કોઈપણ નિયમિત, કોન્ટ્રાકટબેઝના કર્મચારી કે આઉટસોર્સડ કર્મચારી તરીકે હાલ ટેન્ડર ભરવાની તારીખે કામ કરતા નથી. તેવી અમો બાંહેધરી આપીએ છીએ.

એજન્સીનું નામ :– ......................................

સરનામું :– ......................................

......................................

......................................

તા. / /૨૦૨૨ (એજન્સી/વ્યકિતની સહી)